નિરીક્ષણ અને પ્રણાલિની જવાબદારી અને કામગીરી કરવામાં અપનાવેલાં ધોરણો.

અકાદમીના બંધારણ અનુસાર કાર્યવાહક સમિતિની બેઠકમાં થતા નિર્ણય અનુસાર અકાદમીઓની વિવિધ યોજનાકીય કામગીરી હાથ ધરવામાં આવે છે. જેમાં લેખકોને આર્થિક સહાય આપવાની યોજના સંદર્ભે વિવિધ સામયિકમાં જાહેરાત આપીને હસ્તપ્રતો મેળવી તેના પરામર્શન કાર્યબાદ સમિતિના નિર્ણય અનુસાર આર્થિક સહાય મંજુર કરવામાં આવે છે. સંબંધિત ભાષાની હસ્તપ્રતો સંબંધિત ભાષાના તજજ્ઞો પાસે પરામર્શન માટે મોકલવામાં આવે છે અને મંજૂર થયેલી હસ્તપ્રત લેખક ધ્વારા પ્રગટ થયા બાદ મંજૂર કરવામાં આવે છે. યોજનાના નિયમ અનુસાર લેખકને આર્થિક સહાય ચૂકવવામાં આવે છે. આજ રીતે સમિતિના નિર્ણય અનુસાર સંબંધિત ભાષાના પુસ્તકોને પારિતોષિક પણ આપવામાં આવે છે. અકાદમી પોતે સંબંધિત ભાષાના પુસ્તકો પ્રગટ કરે છે.

બંધારણમાં થયેલ જોગવાઈ અનુસાર અકાદમીની મહત્વની ભાષા સાહિત્યના વિકાસની કામગીરી રાજય સરકારે અકાદમીને સોંપી છે. તેને અકાદમી પૂરેપૂરી ધગશ તથા ગંભીરતાથી પાર પાડી રહી છે. અને આગામી વર્ષોમાં પણ એટલી જ ધગશથી કામ કરશે.